સોના-ચાંદીમાં તેજીનો ચમકારો: ફૂડમાં પીછેહટ: અમેરિકામાં ફૂડના સ્ટોકમાં ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવ ઝડપી વધ્યા હતા. વિશ્વ બજાર ઉછળતાં તથા ઘરઆંગણે ફરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ ઉચકાતાં દેશમાં ઈમ્પોર્ટ કોસ્ટ વધી ગયાનું તથા તેની અસર બજાર ભાવ પર દેખાઈ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

સાઉદી અરેબિયાથી ફૂડની નિકાસ વધી ઈરાન યુદ્ધ પૂર્વેની સપાટીએ પહોંચી: પ્લેટીનમના ભાવ રૂ.૨૦૦૦ ઉછળ્યા

અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૨૫૦ વધ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૩૦૦૦ વધ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૦૩૨થી વધી ઉંચામાં ભાવ ૪૦૮૦થઈ ૪૦૬૭થી ૪૦૬૮ ડોલર ૨ રહ્યા હતા. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાનાસમાચાર હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંસના ૫૯.૦૬ વાળા ઉંચામાં ભાવ ૬૦.૪૨ થઈ૫૯.૭૮ થી ૫૯.૭૮ ડોલર રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. બ્રેન્ટ ક્રૂડનાભાવ બેરલના ૭૨.૩૧ ડોલરવાળા નીચામાં ભાવ ૭૦.૧૪ થઈ ૭૦.૩૭ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૬૯.૦૩ વાળા નીચામાં ભાવ ૬૭.૦૪ થઈ ૬૭.૨૭ ડોલર રહ્યા હતા.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૧૩૦૦ વધી૮૯૯૧ના ભાવ રૂ.૧૪૨૪૩૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૩૦૦૩ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ આજે જીએસટી વગર રૂ.૩૪૦૦ વધી રૂ.૨૨૮૮૫૦ રહ્યા હતા. મુંબઈ પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૦૦ વધી રૂ.૫૮૦૭૫ રહ્યા હતા. વિશ્વ બજારમાં આજે પ્લેટીનમના ભાવ ઔંસના ૧૫૭૨ વાળા વધી ઉંચામાં ભાવ ૧૬૨૪ થઈ ૧૬૦૯થી ૧૬૧૦ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૧૦૯થી વધી ૧૨૫૨ થઈ ૧૨૪૭થી ૧૨૪૮ ડોલર ૨ રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ જો કે ૦.૪૫ ટકા નરમ હતા. અમેરિકામાં ચીનનો જોબઝોથ અપેક્ષાથી ધીમો આવ્યો હતો. દરમિયાન, અમેરિકામાં ક્રૂડતેલનો સ્ટોક ૩૮ લાખ બેરલ્સ ઘટયો હોવાનું યુએસ એનર્જી ઈન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું. સાઉદી અરેબિયાથી ક્રૂડની નિકાસ વધી ઈરાન યુદ્ધ પૂર્વેના સ્તરે પહોંચી છે. દરમિયાન યુબીએસ દ્વારા ક્રૂડતેલના આગામી ભાવનો અંદાજ ઘટાડવામાં આવ્યાના સમાચાર હતા.

અમેરિકામાંમ જૂનનો જોબઝોથ ૫૭ હજાર આવ્યો છે જ્યારે અપેક્ષા ૧ લાખ ૧૦ હજારના જોબઝોથની રહી હતી. ત્યાં એપ્રિલ તથા મેના જોબઝોથના આંકડાઓ પણ અગાઉ જાહેર થયેલા આંકડાઓની સરખામણીએ હવે ઓછા જાહેર થયાના સમાચાર હતા.

ટેરિફ અને યુદ્ધ વચ્ચે તિરુપુરથી રૂ.૪૬,૦૦૦ કરોડની નિકાસનો રેકોર્ડ

અમદાવાદ, તા. ૨

યુએસ ટેરિફ અને પશ્ચિમ એશિયા યુદ્ધને લગતી અનિશ્ચિતતાઓ છતાં, ભારતની નીટવેર રાજધાની, તિરુપુરે અત્યાર સુધીની રેકોર્ડ નિકાસ હાંસલ કરી છે.

તિરુપુર એક્સપોર્ટર્સ એસોસિએશને જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ. ૪૬,૦૦૦ કરોડની નિકાસ થઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ. ૪૪,૭૪૭ કરોડથી ૩% વધુ છે. એસોસિએશને ૨૦૩૦ સુધીમાં રૂ. ૧ લાખ કરોડની નિકાસનું લક્ષ્ય પણ નક્કી કર્યું છે. સરકારે પણ ૨૦૩૦ સુધીમાં કાપડ નિકાસને વર્તમાન ૩૮ બિલિયન ડોલરથી વધારીને ૧૦૦ બિલિયન ડોલર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

તિરુપુરનું કપાસ આધારિત ઉત્પાદનથી મિશ્રિત અને માનવસર્જિત ફાઈબર ઉત્પાદન તરફ સંક્રમણ એ સમયની માંગ છે. ઉદ્યોગને ટકાઉ ઉત્પાદન પદ્ધતિઓ અને પર્યાવરણને અનુકૂળ તકનીકો અપનાવવી પણ જરૂરી છે. ભારતની આર્થિક વૃદ્ધિ, માળખાગત વિકાસ અને મુક્ત વેપાર કરારો એ કાપડ ક્ષેત્ર માટે નવી તકો ખોલી છે.

દિલ્હીની નવી EV નીતિથી ઓટો કંપનીઓમાં તણાવ વધ્યો

અમદાવાદ, તા. ૨

ઘણા મોટા ઓટોમેકર્સને ઝટકો આપતા, દિલ્હી સરકારે તેની ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈવી) નીતિ ૨.૦ માં જણાવ્યું છે કે તે ભવિષ્યમાં ફોર-વ્હીલર માટે

ચાર પૈડાવાળા વાહનો માટે વીજળીકરણનો ઈરાદો

વીજળીકરણ નિયમો લાગુ કરશે અને પ્રદૂષિત વાહનોની નોંધણીને રોકવા માટે એક માળખું વિકસાવશે. આ જાહેરાત બાદ ઓટો કંપનીઓમાં તણાવ વધ્યો છે.

દિલ્હી ભારતનું પ્રથમ રાજ્ય બનવા માટે તૈયાર છે જેણે તેની ઈવી નીતિમાં કાર વીજળીકરણ આદેશોનો સમાવેશ કર્યો છે. જ્યારે નીતિમાં આ આદેશોનો ઉલ્લેખ નથી, તો પણ તેઓ ઓટોમેકર્સને ખાતરી કરવાની જરૂર પડશે કે રાજધાનીમાં વેચાતી કારનો ચોક્કસ ભાગ ઈલેક્ટ્રિક હોય.

દિલ્હી પણ બિન-ઈલેક્ટ્રિક વાહનોના નિરુત્સાહિત કરવા માટે પગલાં સ્થાપિત કરનાર પ્રથમ રાજ્ય બનવા માટે તૈયાર છે. વધ્યી મોટી ઓટોમોબાઈલ કંપનીઓએ સરકારની નીતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

તેઓએ ચેતવણી આપી હતી કે પડોશી રાજ્યો (જેઓ પોતે ગંભીર વાયુ પ્રદૂષણનો સામનો કરે છે) સમાન પગલાં અપનાવી શકે છે, જેના કારણે કંપનીઓને તેમની ઉત્પાદન યોજનાઓમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે.

દિલ્હી સરકારે ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈવી) નીતિમાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં ચાર પૈડાવાળા વાહનો માટે વીજળીકરણ આદેશ રજૂ કરવાનો ઈરાદો ધરાવે છે.

ચીનના પાંચ ઉત્પાદનો સરકારના રડાર પર, એન્ટિ-ડમ્પિંગ તપાસ

અમદાવાદ, તા. ૨

સ્થાનિક ઉદ્યોગોની ફરિયાદો બાદ, ભારતે ચીન અને અન્ય દેશોમાંથી આયાત કરાયેલા પાંચ ઉત્પાદનો સામે એન્ટિ-ડમ્પિંગ તપાસ શરૂ કરી છે. ૧૦૦ માઈક્રોનથી વધુ જાડાઈવાળા મોલ્ડેડ સોડા-લાઈમ ગ્લાસ શીશીઓ, ઈલેક્ટ્રિક ટ્રેક્ટર, સાયન્યુરિક ક્લોરાઈડ, ૧૦૦ માઈક્રોનથી વધુ જાડાઈવાળા પોલિઈથિલિન ટેરેફ્થાલેટ (PET) ફિલ્મ અને એન્ટ્રાસાઈટ કોલસામાંથી બનેલા કાર્બન રેઝરની તપાસ કરવામાં આવશે.

ચીનથી આવતા ઈલેક્ટ્રિક ટ્રેક્ટરના કથિત ડમ્પિંગની પણ તપાસની માંગ કરાઈ

વાણિજ્ય મંત્રાલય હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ એ અલગ-અલગ ફરિયાદોના આધારે આ તપાસ શરૂ કરી છે.

આ દરેક કેસમાં, વિવિધ સ્થાનિક કંપનીઓએ ફરિયાદો નોંધાવી હતી. જેમાં ચીનમાંથી મોલ્ડેડ સોડા-લાઈમ ગ્લાસ શીશીઓના કથિત ડમ્પિંગની તપાસની માંગ કરી છે.

આ ઉપરાંત, ચીનમાંથી ઈલેક્ટ્રિક ટ્રેક્ટરના કથિત ડમ્પિંગની પણ તપાસની માંગ કરાઈછે. કંપનીઓનો આરોપ છે કે ઓછી કિંમતે આયાત કરાયેલા આ ઉત્પાદનો સ્થાનિક ઉદ્યોગને નુકસાન પહોંચાડી રહ્યા છે અને તેમના પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવાની જરૂર છે.

દેશના ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત થવા ધારણા

મુંબઈ, તા. ૨

૨૦૨૭થી ૨૦૩૦ના ગાળામાં અંદાજે ૩૫ લાખ જેટલા વીજ સંચાલિત વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેશે તેવી ધારણાં છે. આ ફેરબદલને કારણે ભારતના ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત થવાની ધારણાં છે, એમ એસબીઆઈના એક રિપોર્ટમાં જણાવાયું છે.

પશ્ચિમ એશિયા યુદ્ધને પરિણામે વીજ વાહનો તરફ આકર્ષણમાં વધારો

પશ્ચિમ એશિયાના યુદ્ધ બાદ ક્રુડ તેલના ભાવમાં ઉછાળા તથા તેની અછતને પગલે દેશમાં વીજ વાહનોપ્રત્યેના આકર્ષણમાં વધારો જોવા મળી રહ્યો છે. ૨૦૨૩થી ૨૦૩૦ના ચાર વર્ષના ગાળામાં ૩૫ લાખ જેટલા વીજ વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેવાની અપેક્ષા છે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૨૦૨૬માં વીજ વાહનોનો હિસ્સો વધી ૮ ટકા પહોંચી ગયો છે.

૨૦૩૦ સુધીમાં વીસ ટકા જેટલા હિસ્સાથી ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત શક્ય બનશે એમ રિપોર્ટમાંદાવો કરાયો છે. ૨૦૨૫ના માર્ચથી જૂનના ગાળામાં સરેરાશ ૧.૩૦ લાખની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં વીજ વાહનોના રજિસ્ટ્રેશનનો સરેરાશ આંક વધી ૨.૩૦ લાખ પહોંચી ગયોછે. જેમ્પ્રિન્સ એકલાખનો વધારો દર્શાવે છે.

ફેબ્રુઆરી, ૨૦૨૬ બાદ વીજસંચાલિત ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ તથા ઊંચા ગુણવત્તાના કારનાહિસ્સામાં થયેલા વધારાને જોતા યુદ્ધ વધરાશકારોની માનસિકતા બદલીને તેમને વીજ વાહનો તરફ વાળ્યા હોવાનું સૂચવેછે.

યુએસમાં ફુગાવાનું જોખમ ઘટ્યાના નિવેદન બાદ બિટકોઈન ફરી ૬૦,૦૦૦ ડોલરની ઉપર

મુંબઈ, તા. ૨

ડોલર તથા ક્રુડ ઓઈલના ભાવ નબળા પડતા જોખમી એસેટસ ગણાતી ક્રિપ્ટોકરન્સીઝમાં રોકાણકારોની લેવાલી નીકળી હતી. મુખ્ય ક્રિપ્ટો બિટકોઈનનો ભાવ છેલ્લા ચોવીસ કલાકમાં વધી ફરી ૬૦,૦૦૦ ડોલરની ઉપર જોવા મળ્યો હતો. બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસમાં પણ લેવાલી જોવા મળી હતી. ફેડરલ રિઝર્વના ચેરમેનના ફુગાવાનું જોખમ ઘટી ગયું હોવાના નિવેદનથી પણ બજારને ટ્રેકો મળ્યો છે.

ડોલર તથા ક્રુડ નબળા પડવાને કારણે પણ ક્રિપ્ટોસમાં આકર્ષણ

ડોલરના ભાવ તાજેતરની ઊંચી સપાટીએથી ઘટાડા તરફી રહેતા લાંબા ગાળાના રોકાણકારો દ્વારા બિટકોઈનમાં નીચા મથાળે ખરીદી નીકળી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું.

સમાપ્ત થયેલા જૂનમાં સ્પોટ બિટકોઈન એકસચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માંથી ૪.૫૦ અબજ ડોલરનો નેટ આઉટફલોસ રહ્યો હતો. લાંબા ગાળાના રોકાણકારોએ નીચા મથાળે ખરીદી કરતા બિટકોઈનના ભાવને ટેકો મળી ગયો છે.

ક્રિપ્ટોસના ખેલાડીઓની નજર હવે અમેરિકાના નોન-ફાર્મ ડેટા તથા અમેરિકન ફેડરલ રિઝર્વના વ્યાજ દર અંગેની નિરીક્ષણ પર રહેલી છે. મોડી સાંજે બિટકોઈન ૬૦૩૫૦ ડોલર જ્યારે એથરમ ૧૬૧૯ ડોલર, એકસઆરપી ૧.૦૫ ડોલર, બીએનબી ૫૫૦ ડોલર, સોલાના ૭૩.૩૮ ડોલર કવોટ થઈ રહ્યા હતા.

એક સપ્તાહમાં પ્રથમ જ વખત બિટકોઈન ૬૦,૦૦૦ ડોલરની ઉપર ટ્રેડ થતો જોવા મળી રહ્યો છે. અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વાર્શે ફુગાવાનું જોખમ ઘટી ગયું હોવાના કરેલા નિવેદનથી ક્રિપ્ટોસના ખેલાડીઓના માનસમાં સુધારો થયો હતો.

અમેરિકામાં ફુગાવાના સ્તરને બે ટકા સુધી લાવવાની કટિબદ્ધતાને પણ તમણે દોહરાવી હતી.

PARAS

દિવેલની નિકાસ ઘટતાં એરંડા તૂટ્યા સોયાબીનના વાવેતરમાં ગતિ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલના ભાવ ઘટયા મથાળેથી સુધારા પર રહ્યા હતા. જ્યારે અન્ય દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવ સાંકડી વધઘટ વચ્ચે ફરતા રહ્યા હતા. નવા વેપાર પીમા હતા.

સૌરાષ્ટ્ર સિંગતેલ, મગફળીમાં સામસામા રાહ

મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ ૧૦ કિલોના રૂ.૧૧ તૂટતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના રૂ.૧૫ ગબડ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ સનફલાવર ખોળના રૂ.૫૦૦ વધ્યા હતા જ્યારે અન્ય ખોળો શાંત હતા. ભારત ખાતેથી દિવેલની નિકાસ જૂનમાં આશરે ૬૦થી ૬૧ હજાર ટન થયાની ચર્ચા બજારમાં સંભળાઈ રહી હતી. આ પૈકી ચીન તરફી નિકાસ ૫૦થી ૫૧ હજાર ટન થઈછે. આ પૂર્વે દિવેલની નિકાસ મેમાં ૮૦ હજાર ટન થી વધુ થઈ હતી જ્યારે એપ્રિલમાં આવી નિકાસ આશરે ૨૮ હજાર ટન થઈ હતી. દરમિયાન, હાજર બજારની અસર વાયદા બજાર પર પણ દેખાઈ હતી. દરમિયાન, સૌરાષ્ટ્ર-ગોંડલ ખાતે આજે સિંગતેલના ભાવ રૂ.૧૫૪૦ રહ્યા હતા. આ ભાવોએ બાયર્સ વધ્યા હતા. ત્યાં કોટન વોશ્ડના ભાવ રૂ.૧૪૩૦થી૧૪૭૫ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૫૧૦થી૧૫૧૫ રહ્યા હતા.

ભારતમાંહવેવરસાદનીચાલ પર બજારની નજર રહી હતી. મધ્ય-પ્રદેશમાં સોયાબીનના વાવેતરમાંગતીઆવીછે. દેશ્વ્યાપીઆવુંવાવેતર જૂન અંત સુધીમાં આશરે ૨૯ લાખ હેક્ટર્સ થયું છે.

નેક પેકેજિંગનો IPO

વિવિધ પ્રકારના પેકેજિંગ સોલ્યુશન પાડતી દેશ-વિદેશમાં કાર્યરત નેક પેકેજિંગ કંપની આઈપીઓ સાથે મુડીબજારમાં પ્રવેશી છે. આ આઈપીઓ તા. ૩ જુલાઈએ બંધ થશે. કંપનીએ રૂા. ૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા દરેક શેર માટે રૂા. ૧૬૧ થી રૂા. ૧૭૦ ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. આ ઈસ્યુમાં લઘુત્તમ બિડ ૮૮ શેરની અને ત્યારબાદ તેના ગુણાંકમાં બિડ કરી શકાશે.

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૨૦૦/૨૫૦
ટગર ૪૦૦/૫૦૦
ડમરો ૨૫/૩૦
મોગરો ૧૦૦/૧૫૦
લીલી ૨/૫
હજારી ગલ ૧૫૦૦/૧૬૦૦

અમદાવાદના બજારો

તેલતલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫૫ કિલો)	૨૪૦૦-૨૪૦૦
સિંગતેલ નવો ડબો (૧૫ લીટર)	૨૫૦૦
કપાસિયા તેલ નવો ડબો (૧૫ કિલો)	૨૫૫૦-૨૨૦૦
રાઈસ બ્રાન (૧૫ કિલો)	૨૪૫૦
સોયાબીન નવો ડબો	૨૪૦૦
દિવેલ	૨૩૨૫
પામોલીન જુનો ડબો	૨૩૨૦
પામોલીન નવો ડબો	૨૪૫૦
કોપરેલ	૪૦૫૦
વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
મોંઘુ સરસીયું	૨૪૫૦
તીખું સરસીયું	૨૧૦૦
સનફલાવર	૨૫૩૦
સોયાબીન	૨૪૦૦
મકાઈ તેલ	૨૪૦૦

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૨૨૮૮૫૦
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૨૪૩૦
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૩૦૦૩
અમ. ચાંદી ૨૩૦૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૭૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૭૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૨૮૦૦

કેશ એન્ડ ફ્યુચર
ઓપ્શન સ્ટ્રેટેજીસ

ફ્યુચર માર્કેટ
એક્સાઈઝ ઈન્ડસ્ટ્રીઝ (૪૨૧) : નો જુલાઈ માસનો ફ્યુચર ૪૨૧ ઉપર ૪૦૫ નો સ્ટોપલોસ રાખી ખરીદી. આગામી દિવસોમાં ટાર્ગેટ-૧ ૪૩૫ ટાર્ગેટ-૨ ૪૪૦ સુધી સુધારાની શક્યતા છે.

બેંક ઓફ બરોડા (૨૧૧) : જુલાઈ માસનો ફ્યુચર ૨૧૧ નીચે ૨૦૬ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ-૧ ૨૫૦ ટાર્ગેટ-૨ ૨૪૫ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ
સુન્દરમ ફાસ્ટનર્સ (૯૪૬) : ૯૪૬ ઉપર ૯૧૮ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ-૧ ૯૭૦ ટાર્ગેટ-૨ ૯૯૫ સુધી સુધારાની શક્યતા છે.

વિનસ પાઈપ્સ એન્ડ ટ્યુબ્સ (૧૭૮૨) : ૧૭૮૨ નીચે ૧૮૨૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ-૧ ૧૭૫૫ ટાર્ગેટ-૨ ૧૭૪૫ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

SBI ભારતીય સ્ટેટ બેંક | આર.એ.સી.પી.સી, એમ એમ હોસ્પિટલ પાસે, પ્લોટ નં. ૯, ડીસી-૩, આદીપુર (ગાંધીધામ) | ઈ-હરાજી વેચાણ નોટીસ

સરફેસી એક્ટ હેઠળ અસ્થાવર /સ્થાવર મિલ્કતોની વેચાણ નોટીસ ◆ APPENDIX - II-A- [SEE PROVISON TO RULE 6 (2)] AND APPENDIX IV-A-[SEE PROVISON TO RULE 8(6)]

સિક્યોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઇન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ હેઠળ સ્થાવર/અસ્થાવર મિલ્કતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, સિકયુરીટી ઇન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨) ની કલમ ૬(૨) અને ૮(૬) સાથે વંચાણે લેતા આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ઋણકર્તાઓ અને ગેરેન્ટરોને ખાસ કરીને નોટીસ આપીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર/અસ્થાવર મિલ્કતો સુરક્ષિત લેણદારને તારણમાં/ગીરો કરેલ છે. તેનું **ભારતીય સ્ટેટ બેંક**ના અધિકૃત અધિકારી દ્વારા સાંકેતિક/પ્રત્યક્ષ (નીચેના ટેબલ મુજબ) કબજો મેળવી લીધેલ છે. અને સદર મિલ્કતો **"જ્યાં છે, જેમ છે, જે કાંઇ છે તેના આધારે"**બેંક માં બાકી લેણાંની વસુલાત માટે, નીચે જણાવેલ શરતોને આધિન **તા.૨૫-૦૭-૨૦૨૬** ના રોજ ઈ-હરાજીથી વેચાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ક્રમ નં.	મિલ્કતનું વર્ણન	વસુલાતની રકમ	કબજાનો પ્રકાર/તારીખ	દેવાદાર/ડાયરેક્ટર્સ/ભાગીદાર/પ્રોપરાઇટર/જમીનદાર/ગીરવેદારનું નામ	માલિકી હક્ક ધરાવનારનું નામ	રીઝર્વ પ્રાઇઝ/ઇએમડી/બિડ વધારાની રકમ (લાખમાં)	નિરીક્ષણ તારીખ અને સમય
૦૧	સબ પ્લોટ નં. ૬૮/બી, મેઇન પ્લોટ નં.૬૮, રેવન્યુ સર્વે નં. ૧૪૪, પાર્શ્વનાથનગર, વર્ધમાનનગર રોડ પાસે, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ	તારીખ ૦૧-૦૭-૨૦૨૨ મુજબની રકમ રૂા.૮,૭૬,૬૦૮/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૦૨.૧૦.૨૦૨૪	શ્રી રજનીકાંત સેવંતીલાલ ચિચ્ચદર્શી	શ્રી રજનીકાંત સેવંતીલાલ ચિચ્ચદર્શી	Rs. 6,60,250/- Rs. 66,025/- Rs.10,000/-	તા.૧૩-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૦૨	સબ પ્લોટ નં. ૧૬/એ, મેઇન પ્લોટ નં.૧૬ રેવન્યુ સર્વે નં. ૬૨ પૈકી, ગંગેશ્વર રોડ પાસે, નવા વાસ, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ	તારીખ ૦૪-૦૨-૨૦૨૧ મુજબની રકમ રૂા.૮,૬૧,૨૫૭/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૨૬.૦૮.૨૦૨૧	શ્રીમતી દક્ષાબા યોગેન્દ્રસિંહ જાડેજા	શ્રીમતી દક્ષાબા યોગેન્દ્રસિંહ જાડેજા	Rs. 5,40,000/- Rs. 54,000/- Rs.10,000/-	તા.૧૩-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૦૩	રે.સ. નં. ૦૩, પ્લોટ નં. ૪૭/ડી, ભક્તિનગર, ગંગેશ્વર રોડ પાસે, નવા વાસ, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ	તારીખ ૩૦-૧૧-૨૦૧૯ મુજબની રકમ રૂા.૮,૭૩,૮૨૪/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૦૭.૦૧.૨૦૨૧	શ્રી જેરામગર મુલગર ગોસ્વામી	શ્રી જેરામગર મુલગર ગોસ્વામી	Rs.5,86,500/- Rs.58,650/- Rs.10,000/-	તા.૧૩-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૦૪	પ્લોટ નં. ૭૪૮, રેવન્યુ સર્વે નં. ૧૮, વાલારામ રેસીડેન્સી, મેઘપર કુંભરડી, અંજાર, કચ્છ, ગુજરાત, પીન-૩૭૦૧૧૦	તારીખ ૦૬-૦૯-૨૦૨૧ મુજબની રકમ રૂા.૭,૪૫,૬૨૩/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૧૫.૦૩.૨૦૨૨	શ્રી રામનિવાસ કપ્તાનસિંહ રાજપુત	શ્રી રામનિવાસ કપ્તાનસિંહ રાજપુત	Rs.5,32,000/- Rs.53,200/- Rs.10,000/-	તા.૧૪-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૦૫	પ્લોટ નં. ૩૪, સબ પ્લોટ નં. ૩૪/સી, રેવન્યુ સર્વે નં. ૧૪૨, પાર્શ્વનાથનગર (ગ્રીન સીટી), વર્ધમાનનગર રોડ પાસે, નવાવાસ, માધાપર, તા.ભુજ, જી.કચ્છ, પીન ૩૭૦૦૨૦	તારીખ ૧૨-૦૧-૨૦૨૩ મુજબની રકમ રૂા.૮,૧૮,૦૮૮/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૧૭.૧૧.૨૦૨૪	શ્રી સુરેશ શાંતિલાલ ગર્ગ	શ્રી સુરેશ શાંતિલાલ ગર્ગ	Rs.6,12,000/- Rs.61,200/- Rs.10,000/-	તા.૧૩-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૦૬	રે.સ. નં. ૦૩, પ્લોટ નં. ૪૮/સી, ભક્તિનગર, ગંગેશ્વર રોડ પાસે, નવા વાસ, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ - પીન ૩૭૦૦૨૦	તારીખ ૧૧-૧૨-૨૦૨૦ મુજબની રકમ રૂા.૮,૦૫,૮૮૩/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૧૭.૧૧.૨૦૨૪	શ્રીમતી બીના સુધીર ઠાકર અને શ્રી સુધીરભાઈ દયાબેન ઠાકર	શ્રીમતી બીના સુધીર ઠાકર અને શ્રી સુધીરભાઈ દયાબેન ઠાકર	Rs.5,95,000/- Rs.59,500/- Rs.10,000/-	તા.૧૩-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૦૭	પ્લોટ નં. ૩૫, સબ પ્લોટ નં. ૭૫/સી, રેવન્યુ સર્વે નં. ૧૪૨, પાર્શ્વનાથનગર (ગ્રીન સીટી), વર્ધમાનનગર રોડ પાસે, નવાવાસ, માધાપર, તા.ભુજ, જી.કચ્છ, પીન ૩૭૦૦૨૦	તારીખ ૦૫-૦૭-૨૦૧૯ મુજબની રકમ રૂા.૬,૧૫,૬૮૨/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૦૩.૧૦.૨૦૧૬	શ્રી જયશ્રીબેન પ્રવિણચંદ્ર સોની	શ્રી જયશ્રીબેન પ્રવિણચંદ્ર સોની	Rs.6,07,750/- Rs.60,775/- Rs.10,000/-	તા.૧૩-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૦૮	પ્લોટ નં. ૧૪૧, રેવન્યુ સર્વે નં. ૧૧૭, હર્ષિલ પાર્ક, વર્ધમાનનગર રોડ પાસે, નવાવાસ, માધાપર, તા.ભુજ, જી.કચ્છ, પીન ૩૭૦૦૨૦	તારીખ ૩૦-૦૫-૨૦૨૩ મુજબની રકમ રૂા.૧૫,૧૪,૫૬૩/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૧૫.૧૨.૨૦૨૪	શ્રીમતી પારૂલબેન રમેશભાઈ સોની અને શ્રી રમેશભાઈ ગોપાલભાઈ સોની	શ્રીમતી પારૂલબેન રમેશભાઈ સોની અને શ્રી રમેશભાઈ ગોપાલભાઈ સોની	Rs.9,49,500/- Rs.94,950/- Rs.10,000/-	તા.૧૩-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૦૯	રેવન્યુ સર્વે નં. ૧૪૨, સબ પ્લોટ નં. ૩૪/ડી, પાર્શ્વનાથનગર (ગ્રીન સીટી), તા.ભુજ, જી.કચ્છ, ગુજરાત, પીન ૩૭૦૦૨૦	તારીખ ૨૫-૦૬-૨૦૧૯ મુજબની રકમ રૂા.૮,૧૫,૦૩૯/- અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબજો ૨૩.૦૯.૨૦૧૬	મીહ્રુ નહ્રુ મીઠ્યા	મીહ્રુ નહ્રુ મીઠ્યા	Rs.6,20,500/- Rs.62,050/- Rs.10,000/-	તા.૧૩-૦૭-૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
૧૦	પ્લોટ નં. ૭૪૨, રેવન્યુ સર્વે નં. ૧૮, વાલારામ રેસીડેન્સી, સ્વેચીનગર, મેઘ